પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૯૭ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

પૂણેમાં ભારે વરસાદ-પૂરનો કહેર

સાહકર નગરમાં વરસાદથી દિવાલ ધરાશાયી : ૬ના મોત

પૂણે,તા.૨૬

મહારાષ્ટ્રના પુણેમાં સતત પડી રહેલા ભારે વરસાદને લોકો આફતનો સામનો કરી રહ્યા છે. વરસાદ અને પૂરના કારણે અલગ-અલગ ઘટનાઓમાં ૧૧ લોકોનાં મોત થયા છે. સાહકર નગરમાં મૂશળધાર વરસાદથી એક દીવાલ ધસી પડી. આ દુર્ઘટનામાં પાંચ લોકોનાં કાટમાળમાં દબાતાં મોત થયા. મૃતકોમાં એક બાળકી અને બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ચીફ ફાયરબ્રિગેડ ઓફિસર પ્રશાંત રાનપિસેએ જણાવ્યું કે, બુધવાર રાત્રે અર્નેશ્વર વિસ્તારમાં દીવાલ પડવાથી નવ વર્ષની એક બાળકી સહિત પાંચ લોકોના મોત થયા છે. ભાર વરસાદ બાદ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.

આ ઉપરાંત તેઓએ જણાવ્યું કે, એક અન્ય ઘટનામાં સાહકર નગર વિસ્તારમાં એક વ્યક્તિનું શબ મળ્યું. જ્યારે સિંહગઢ રોડ પર પાણીમાં તણાઈ ગયેલી કારથી એક વ્યક્તિનું શબ મળ્યું છે. આ ઉપરાંત, પૂરમાં ડૂબવાના કારણે વધુ બે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ફાયર બ્રિગેડને તેમના મૃતદેહ ઘટનાસ્થળની પાસેથી મળી આવ્યા છે. બુધવારે પુણે અને આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ ઊભી થઈ છે. આ પ્રાકૃતિક આપદાના કારણે ડઝનબંધ પશુઓના મોત થયા છે. સાથોસાથ ૧૦૦થી વધુ વાહનો પૂરમાં તણાઈ ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

અયોધ્યા કેસમાં ૧૮મી બાદ સુનાવણી માટે એક પણ દિવસ નહિ

અયોધ્યા કેસમાં સુપ્રીમે તમામને સૂચના આપી : સુનાવણીની સમય મર્યાદા કોઇ કિંમતે વધારવામાં આવશે નહીં

અયોધ્યા કેસની સુનાવણી કરી રહેલા સુપ્રીમ કોર્ટે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ મામલામાં ૧૮મી ઓક્ટોબર બાદ પક્ષકારોને રજૂઆત કરવા માટે એક દિવસ પણ વધારાનો મળશે નહીં. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, સુનાવણી પૂર્ણ કરવા માટે મહેતલને વધારવામાં આવશે નહીં. હજુ સુધી ૩૧ દિવસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં થઇ ચુકી છે. હિન્દુ પક્ષકારોએ પોતાની દલીલો કરી દીધી છે. મુસ્લિમ પક્ષકારોની દલીલો જારી છે. ૩૧માં દિવસે આજે સુનાવણી જારી રહી હતી. કોર્ટે કહ્યું છે કે, ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ ૧૭મી નવેમ્બરના દિવસે નિવૃત્ત થઇ રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા કેસના મામલામાં આજે ૩૨મા દિવસે સુનાવણી જારી રહી હતી. તમામ પક્ષકારોને મહેતલની યાદ આજે અપાવી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વવાળા પાંચ જજની બંધારણીય બેંચે કહ્યું છે કે, જો ૧૮મી ઓક્ટોબર સુધી દલીલો પૂર્ણ થઇ જાય છે તો ચાર સપ્તાહમાં ચુકાદો આપવાની બાબત કોઇ કરિશ્માથી કમ રહેશે નહીં. ચીફ જસ્ટિસ ગોગોઈ ૧૭મી નવેમ્બરના દિવસે નિવૃત્ત થઇ રહ્યા છે. ચીફ જસ્ટિસે સુનાવણી દરમિયાન બંને પક્ષોને

કહ્યું હતું કે, અમારી પાસે ૧૦ દિવસ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે ચેતવણી આપતા કહ્યું છે કે, જો ૧૮મી ઓક્ટોબર સુધી સુનાવણી પૂર્ણ થશે નહીં તો ચુકાદો આવવાની આશા ઓછી થઇ જશે.

નર્મદા ડેમની હાલની સપાટી ૧૩૮.૩૩ મીટરને આંબી

અમદાવાદ, તા.૨૬

ઉપરવાસમાં વરસી રહેલા ભારે અને ધોધમાર વરસાદના કારણે નર્મદા ડેમમાં પાણીની સતત અને નોંધનીય આવક થઇ રહી છે. આજે પણ નર્મદા ડેમની જળસપાટી ૧૩૮.૩૩ મીટરને પાર થઇ ગઇ હતી. જેના કારણે ડેમમાંથી પાણીનું લેવલ અને જળસપાટી જાળવવા માટે સતત પાણી છોડાઇ રહ્યું છે. તંત્ર દ્વારા ડેમની જળસપાટી પર સતત વોચ રખાઇ રહી છે તો નર્મદાના કાંઠા વિસ્તારો અને અસરગ્રસ્તોને એલર્ટ કરી દેવાયા છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે, નર્મદા ડેમમાં ફરી એકવાર પાણીની જોરદાર અને સતત આવક થઇ રહી છે. જેના કારણે ડેમની જળસપાટી ૧૩૮.૩૩ મીટરને આંબી ગઇ છે. ઉપરવાસમાંથી નર્મદા ડેમમાં ૧.૯૧ લાખ ક્યુસેક પાણીની આવક થઇ રહી છે, ડેમમાંથી સતત ૧.૬૦ લાખ ક્યુસેક પાણી છોડાઇ રહ્યું છે.

મોદી-ઈમરાન બંન્ને મારા સારા મિત્રો : ટ્રમ્પ

ભારત-પાક પરમાણુ શક્તિઓ,કાશ્મીર વિવાદ ઉકેલવા પ્રયાસ કરીશું: ટ્રમ્પનું બેવડું વલણ

વૉશિંગ્ટન,તા.૨૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ કહ્યુ છે કે ભારત અને પાકિસ્તાન બે પરમાણુ શક્તિઓ છે અને એવામાં બંને દશોએ કાશ્મીર મુદ્દાને ઉકેલવો જોઈએ. તેઓએ એમ પણ કહ્યુ કે, તેઓ બંને દેશોની વચ્ચે મુદ્દો ઉકેલવાનો પ્રયાસ કરશે. ટ્રમ્પે આ વાતો સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કર્યા બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં કહી. ટ્રમ્પે કહ્યુ કે, જો તમે બંને વડાપ્રધાનો તરફ જુઓ તો તેઓ બંને મારા ખૂબ સારા મિત્ર છે. હું તેમને કહું છું કે તેઓ તેને ઉકેલી દે કારણ કે તેઓ બંને પરમાણુ શક્તિઓ છે. નોંધનીય છે કે ટ્રમ્પે સોમવારે ઈમરાન ખાન સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ બીજા દિવસે તેઓએ પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે કાશ્મીર મુદ્દાને ઉકેલા માટે છેલ્લા થોડાક સમયમાં અનેકવાર મધ્યસ્થતાની રજૂઆત કરી છે. તેઓએ ફરી એકવાર આ મુદ્દે મદદની વાત કરી છે. તેઓએ કહ્યુ કે, પાકિસ્તાન અને ભારતના સંબંધોમાં અમે કાશ્મીર વિશે વાત કરી અને હું જે પણ મદદ કરી શકું છું, તેની મેં રજૂઆત કરી અને તે મદદ મધ્યસ્થતા છે. હું જે કરી શકું છું તે કરીશ, કારણ કે આ ખૂબ ગંભીર મામલો છે અને આશા રાખું છું કે તે સારી સ્થિતિમાં થઈ જશે.

ભારતનું માનવું છે કે કાશ્મીર એક દ્વિપક્ષીય મામલો છે અને તેમાં કોઈ ત્રીજા દેશનો હસ્તક્ષેપ તેમને મંજૂર નથી.

ન્યુઝ ટ્રેક

પાક.ના પૂર્વ વડાપ્રધાન સાથે મારપીટ

ભ્રષ્ટાચારના આરોપોમાં ધરપકડ બાદ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શાહદ ખાકાન અબ્બાસી સાથે પુછપરછ દરમ્યાન અધિકારીઓએ મારઝૂડ કરી હતી. પાક. મીડિયાના રીપોર્ટ અનુસાર એક અધિકારીએ અબ્બાસીના મો પર પાણીનો ગ્લાસ ફેંક્યો હતો.

ભારતના યહુદીઓ પર હુમલાનો ખતરો

ગુપ્તચર એજન્સીઓએ દિલ્હી સહિત અન્ય રાજ્યોના પ્રશાસનને આતંકવાદી હુમલા અંગેની ચેતવણી જાહેર કરી છે. ગુપ્તચર એજન્સીઓ અનુસાર અલકાયદાના આતંકી સેલ સાથે જોડાયેલા અને ઈસ્લામીક સ્ટેટના આતંકીઓ ભારતમાં રહેતા યહૂદીઓ અને ઈઝરાયેલના નિવાસીઓ પર હૂમલો કરવાની યોજના બનાવી રહ્યા છે.

પહેલવાન યોગેશ્વર દત્ત ભાજપમાં સામેલ

હરિયાણા વિધાનસભાની ચૂંટણી પહેલા ઓલમ્પિક પદક વિજેતા યોગેશ્વર દત્ત ભાજપમાં સામેલ થયા છે. યોગેશ્વર સાથે પૂર્વ હોકી કેપ્ટન સંદીપસિંહ પણ ભાજપમાં જોડાયા છે.

ઓર્બિટર યોગ્ય રીતે કાર્ય કરી રહ્યું છે : ઈસરો ચીફ

ઈસરોના ચીફ કે. શીવને ચંદ્રયાન-૨ અંગે કહ્યુ છે કે ઓર્બિટર યોગ્ય રીતે કામ કરી રહ્યુ છે. બધુ જ કાર્ય અપેક્ષા મુજબ થઈ રહ્યુ છે. જો કે ચંદ્રયાનના લેન્ડર સાથે તુટી ગયેલા સંપર્ક અંગે એક રાષ્ટ્રીય સ્તરની સમિતિ ખાસ વિશ્લેષણ કરી રહી છે.

પંજાબમાં કેનાલમાં કાર ખાબકી : ૬ની મોત

પંજાબના અબોહર જિલ્લાના ગંગ કેનાલમાં એક કાર અનિયંત્રિત થઈને ખાબકી હતી. આ દૂર્ઘટનામાં એક પરિવારના આઠમાંથી છ લોકો મૃત્યુ પામ્યા હતા. મૃતકોમાં ત્રણ બાળકો સામેલ છે.

હની ટ્રેપમાં આઠ પૂર્વ પ્રધાન, ૧૨ ટોપ અધિકારી ભારે મુશ્કેલીમાં

મોટા કોન્ટ્રાક્ટ અને પોસ્ટિંગ પણ લાલચ મારફતે કરાતા હતા : દેશના સૌથી મોટા બ્લેકમેઇલિંગ સેક્સ સ્કેન્ડલને ચલાવનાર યુવતિ સકંજામાં આરોપી મહિલા સરકારી સાક્ષી બની

ભોપાલ, તા. ૨૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર મધ્યપ્રદેશના હાઇ પ્રોફાઇલ હની ટ્રેપ રેકેટનો પર્દાફાશ થયા બાદ કેટલાક દિગ્ગજ નેતાઓ, ટોપના અધિકારીઓ અને વેપારીઓની ઉંઘ હરામ થઇ ગઇ છે. દેશના સૌથી મોટા બ્લેકમેઇલિંગ સેક્સ સ્કેન્ડલ તરીકે ગણાતા આ મામલામાં જે રીતે તપાસ આગળ વધી રહી છે તેમ તેમ નવી નવી ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. હવે આ કેસમાં નવા ચોંકાવનારા વળાંક આવી રહ્યા છે. હની ટ્રેપ મામલામાં ૧૮ વર્ષની મોનિકા યાદવ સરકારી સાક્ષી બની ગયા બાદ નવી વિગત ખુલી શકે છે. તે હવે મુખ્ય સાક્ષી તરીકે રહેશે. બીજી બાજુ હની ટ્રેપ રેકેટ ચલાવી રહેલી શ્વેતા જેને એસઆઇટીની સામે કેટલાક ખુલાસા કર્યા છે. જેમાં કબુલાત કરવામાં આવી છે કે આશરે બે ડઝન કોલેજ જતી યુવતિઓમે સેક્સની જાળમાં ફસાવી લેવામાં આવી હતી. જેમાં લોવર મિડલ ક્લાસ પરિવારની યુવતિઓ સામેલ છે. જેનો ઉપયોગ મધ્યપ્રદેશ સરકારના મોટા અધિકારીઓ અને નેતાઓને લાલચ આપીને ફસાવી દેવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. શ્વેતાએ કહ્યુ છે કે હની ટ્રેપનો હેતુ વીઆઇપી લોકોને ફસાવીને તેમની પાસેથી કરોડો રૂપિયાના આકર્ષક સરકારી કરારો મેળવી લેવાનો હતો. આમાંથી કેટલાક કોન્ટ્રાક્ટ શ્વેતા જેન અને તેમની સાથી આરતી દયાલની ટોપની કંપનીઓને કમીશનના આધાર પર આપવામાં આવ્યા હતા. કોન્ટ્રાક્ટ ઉપરાંત શ્વેતા મધ્યપ્રદેશમા આઇએએસ અને આઇપીએસ અધિકારીઓની પોસ્ટિંગને પણ મેનેજ કરાવતી હતી. ઈન્દોરમાં પુછપરથ દરમિયાન શ્વેતાએ એસઆઇટીને માહિતી આપી હતી કે અધિકારીઓની ડિમાન્ડ પર તે આર્થિક રીતે નબળી કોલેજ જતી યુવતિઓને પોતાના રેકેટમાં સામેલ કરતી હતી. સાથે સાથે તેમને હાઇ પ્રોફાઇલ વ્યક્તિની પાસે જવા માટે કહેતી હતી. જેમાં મોટા ભાગના લોકો યુવતિઓના

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસના ઉમેદવારો માટે પ્રિયંકા ગાંધી પ્રચાર નહી કરે

ઉત્તરપ્રદેશમાં ૧૧ સીટો પર પેટાચૂંટણી યોજાશે : ૨૧ ઓક્ટોબરના દિવસે યોજાનારી પેટાચૂંટણી લઇ કોંગ્રેસ પાર્ટી દ્વારા તમામ ઉમેદવારોના નામો આખરે જાહેર કરાયા

લખનૌ,તા. ૨૬

ઉત્તરપ્રદેશમાં ૨૧મી ઓક્ટોબરના દિવસે યોજાનાર પેટાચૂંટણીને લઇને ભારતીય જનતા પાર્ટી સહિતના તમામ રાજકીય પક્ષો તમામ પ્રકારની તૈયારીમાં વ્યસ્ત છે. કોંગ્રેસ પાર્ટી પણ પોતાની નવી વ્યુહરચના મુજબ આગળ વધી રહી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા તમામ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે. આ પેટાચૂંટણીમાં ઉત્તરપ્રદેશની ૧૧ વિધાનસભા સીટો પર મતદાન યોજાનાર છે. આ તમામ સીટો પર કોંગ્રેસ પાર્ટી એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરી રહી છે. હવે એક એવી ચોંકાવનારી માહિતી મળી છે કે ઉત્તરપ્રદેશમાં પ્રભારી તરીકેની મોટી જવાબદારી હોવા છતાં પ્રિયંકા ગાંધી વાઢેરા કોંગ્રેસના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરનાર નથી. અત્રે નોંધનીય છે કે ૧૭ રાજ્યોમાં ૬૪ સીટો પર પેટાચૂંટણી યોજાનાર છે. જેમાં કુલ ૬૩ વિધાનસભા સીટો અનવે એક લોકસભા સીટનો સમાવેશ થાય છે. હકીકતમાં વર્ષ ૨૦૧૯ લોકસભા ચૂંટણી દરમિયાન પ્રિયંકા ગાંધીને

કોંગ્રેસના મહાસચિવ બનાવીને પૂર્વીય ઉત્તરપ્રદેશમાં મોટી જવાબદારી સોંપી દેવામાં આવી હતી.

સેંસેક્સ ૩૯૬ પોઇન્ટ સુધરી ૩૮૯૮૯ની ઉંચી સપાટીએ

યશ બેંકના શેરમાં પાંચ ટકા સુધીનો થયેલ ઘટાડો : મિડકેપ તેમજ સ્મોલકેપ ઇન્ડેક્સમાં સુધારો થતાં કારોબારી સંતુષ્ટ

મુંબઈ, તા. ૨૬

શેરબજારમાં આજે તેજી સાથે કારોબારની પૂર્ણાહુતિ થઇ

હતી. ફ્યુચર એન્ડ ઓપ્શન કોન્ટ્રાક્ટની સપ્ટેમ્બર સિરિઝના છેલ્લા દિવસે તેજી રહી હતી. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોરનો અંત લાવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા બાદ નવી આશા જાગી છે. આજે લેવાલી જામી હતી. કારોબારના અંતે સેસેક્સ ૩૯૬ પોઇન્ટ ઉછળીને ૩૮૯૯૦ની સપાટી પર રહ્યો હતો. વેદાન્તાના શેરમાં સાત ટકાનો ઉછાળો રહ્યો હતો. તેના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. આવી જ રીતે યશ બેંકના શેરમાં પાંચ ટકાનો ઘટાડો રહ્યો હતો. ૩૦ સેર પૈકી ૨૩ શેરમાં તેજી રહી હતી. બાકીના સાત શેરમાં મંદી રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપમાં ૧૩૧ પોઇન્ટનો ઉછાળો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૪૩૫૬ રહી હતી. બીએસઇ સ્મોલ કેપ ઇન્ડેક્સમાં ૫૭ પોઇન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૩૪૪૦ રહી હતી. આવી જ રીતે એનએસઇમાં નિફ્ટી ઇન્ડેક્સ ૧૩૩ પોઇન્ટ ઉછળીને ૧૧૫૭૩ની ઉંચા સપાટી પર રહ્યો હતો. નિફ્ટીમાં ૪૧ શેરમાં તેજી અને નવ શેરમાં મંદી રહી હતી. એનએસઇમાં સેક્ટરલ ઇન્ડેક્સમાં આઇટી સિવાય તમામ ઇન્ડેક્સમાં પોઝિટવ સ્થિતી રહી હતી.

કેજરીવાલના આવાસની બહાર ઉગ્ર દેખાવ કરાયા

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના આવાસની બહાર ભાજપના પૂર્વાંચલ મોરચા સાથે જોડાયેલા લોકોએ વિરોધ પ્રદર્શન કરીને દેખાવો કર્યા હતા. કેજરીવાલે રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર્ડ સાથે જોડાયેલા નિવેદન પર હોબાળો થયો છે. દિલ્હી ભાજપના કાર્યકરોને રોકવા માટે પોલીસે પાણીનો મારો ચલાવ્યો હતો. કેટલાક કાર્યકરોની અટકાયત પણ કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન ભાજપના કાર્યકરોએ કેજરીવાલ સરકાર ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા. નારાબાજી પણ કરવામાં આવી હતી. મનોજ તિવારી ઉપર નિવેદનને લઈને પણ ભાજપ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. કેજરીવાલે કહ્યું હતું કે, જો રાષ્ટ્રીય પાટનગરમાં એનઆરસી લાગૂ થશે તો સૌથી પહેલા ભાજપ સાંસદ મનોજ તિવારીને શહેર છોડવાની ફરજ પડશે. આ નિવેદન બાદ મનોજ તિવારીએ પોતે પણ તિખી પ્રતિક્રિયા આપી હતી.

મેહુલ ચોકસી કૌભાંડી, ભારત પૂછપરછ માટે સ્વતંત્ર : એન્ટિગુઆ વડાપ્રધાન

ન્યૂયોર્ક,તા.૨૬

એન્ટીગુઆ અને બારબુડાના વડાપ્રધાન ગેસ્ટન બ્રાઉને પંજાબ નેશનલ બેંક કૌભાંડના આરોપી મેહુલ ચોકસીને 'ફ્રોડ' ગણાવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં ભાગ લેવા માટે ન્યૂયોર્ક પહોંચેલા બ્રાઉને કહ્યું કે 'તેમને મેહુલ ચોકસીની કરતૂતો વિશે પૂરતી જાણકારી મળી ચૂકી છે. જેના પરથી મને વિશ્વાસ થયો છે કે તે 'ફ્રોડ' છે. તેનો કેસ પણ કોર્ટમાં ચાલી રહ્યો છે. અત્યારે તો અમે કંઈ કરી શકીએ તેમ નથી. પરંતુ એટલું જરૂરથી કહેવા ઈચ્છું છું કે મેહુલ ચોકસીને એન્ટીગુઆ અને બારબુડામાં રાખવાનો જરા પણ ઈરાદો નથી.'

તેમને પૂછવામાં આવ્યું કે ભારતીય અધિકારીઓને એન્ટીગુઆમાં ચોકસીની પૂછપરછ કરવા માટે પરવાનગી આપવામાં આવશે? જેના જવાબમાં બ્રાઉને કહ્યું કે 'જો કોઈ ભારતીય અધિકારી મેહુલ ચોકસીની પૂછપરછ કરવા માટે પરવાનગી માગશે તો તેમને તેનાથી કોઈ તકલીફ નહીં હોય.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225